ઝેરીડંખનીવારણ.

આ ચોપડીમાં ઝેરી જનાવરો ડંખ મારે છે તથા ઝેરી
વસ્તુ ખાધાથી જે અવગુણ થાયછે તેના લક્ષણો
તથા સેહેજથી બની શકે તેવા અનુભવી ઈલાજો
જણાવ્યામાં આવ્યાછે.

દોહેરો

ઝેરી ડંખ નિવારણથી, થસે દુઃખ પરીહાર;
વાંચીને સુખ પામશો, સારાં ફળ દેનાર.

પ્રગટ કરનાર

મુંબઈનાં ગુજરાત પ્રીટીંગ પ્રેસમાં કા૦ સાં૦ છાપ્યુ.

સંવત ૧૯૪૨. સને ૧૮૮૬.

કિમત ૪ આના.

પ્રસ્તાવના.

સર્વે સજનોને ખબર આપવામાં આવેછે કે, ઘણીક વખતે ગફલતથી અગર જાણી જોઈને અનેક જાતની ઝેરી વસ્તુઓ માણસના ખાધામાં આવેછે. તેમજ જંગલમાં તથા ગાંમડામાં તથા શેહેરોમાં અનેક જાતના ઝેરી જનાવરો માણસને કરડેછે. તે ઉપર જોઈતા ઈલાજો નક્કી કરવામાં આવેતો, તેથી ખરાબ પરિણામો નિપજેછે. એવું જાણીને અમોયે ઘણી મેહનત લઈને, અનુભવીક દાક્તર તથા વૈદ્યના અનુમત, તથા શાસ્ત્રના આધાર લઈને ઝેરી પદાર્થ ખાવાથી તથા ઝેરી જનાવરોના ડંખથી જે લક્ષણો થાયછે. તેની સારી રીતે વિગત આપવામાં આવીછે. અને તે ઉપર સેહજથી બની શકે તેવા અનુભવીક ઘણા ઈલાજો આ પુસ્તકમાં દાખલ કિધાછે. એજ બાબદ ઉપર કેટલીએક ચોપડીઓ છપાયેલી જોવામાં આવેછે, પણ તેમાં લખેલા ઈલાજો ઘણાએક ખોટા બતાવેલાછે. અને દવાઈના નામો પણ સમજવામાં ન આવે તેવા આપવામાં આવેલ:છે. તેથી માણશને નુકસાન થવાની ધાસ્તીને લીધે હમોયે આ સારી રીતે તપાસ કરીને, દવાના નામ શુધ્ધરિ બતાવીને આ પુસ્તક સર્વે દેશી ભાઈયોની સેવામાં મુકવામાં આવ્યુ છે. માટે સર્વે સદગ્રહસ્થોએ આ પુસ્તક લેવાને ચુકવું નહી.

મુ. પુ. પ્ર. મંડળી.

२५३५ २५३५

ઝેરી ડંખ નિવારણ.

સાપની જાત ઘણી પ્રકારની છે, તે મધ્યે જે મુખ્ય મુખ્ય ઝેરી તથા પ્રાણનો નાશ કરનારાછે તેઓનુંજ અહીં વર્ણન કરેલું છે.

ઝેરી સાપની જાતનું વર્ણન.

ઝેરી સાપની જાતથી ડંખ થતાં ઊત્પન્ન થતાં ચિન્હનાં લક્ષણ.

૧. દરવિકર એટલે ફેણવાળો સાપ અથવા નાગ.

એ નાગ ઘણું કરીને દિવસની વખતે ફરવા નિકળે છે, તે જ્યાં ડંખ કરેછે તે જગ્યા કાળી થઇને સર્વ વાયુનાં લક્ષણ ત્યાં થાયછે,

પેહેલી લેહેરે—આખા શરીરમાં ઝેર ફરી વળીને લોહી કાળું પડી જાયછે, મોડાનો રંગ કાળો બનીને શરીર ફીકકું પડી જાયછે.

બીજી લેહેરે—શરીરમાં ગોટલાં ઘાલ્યાં હોય તેમ સોજા ઉઠેછે.

ત્રીજી લેહેરે—માથું ભારી થઇને ફરેછે, અને ડંખવાળી જગ્યા એથી પાણી ઝરપવા માંડે છે.

ચોથી લેહેરે—મોંમાંથી થુંક છૂટેછે, વખતે ઊલટી પણ થાય છે, વળી આખું શરીર ઢીલું પડી જઈને ઘેન ચડે છે.

પાંચમી લેહેરે—શરીરના સાંધા કળી પડે છે, દાહ ઉઠેછે, પેટ ચડી,આવે છે: તથા તે ઝેર આખા શરીરના સપ્તધાતુમાં ફરી વળીને માણસ બેભાન થાય છે.

મંડલી એટલે કાબર ચિત્રો નાગ.

એ ઝેરી સાપ ઘણું કરીને સાંજના ફરવા નિકળે છે; તેના શરીર ઉપર ગોળ ચકરડા જેવા, તથા કેટલાએક માછલાના આકાર જેવા રંગ હોય છે. એ સાપ જે જગ્યાએ ડંખ મારે છે ત્યાં નરમ સોજો ઉઠે છે, અને સર્વ પિત્તના જેવા વિકાર થાય છે એટલે આખું શરીર પીળું દેખાય છે, તથા ડંખેલી જગ્યા ઉપર અગ્ની બળતો હોય એમ લાગે છે. આ ઉપરનાં લક્ષણો પેહલી લેહેર દેખાય છે.

બીજી લેહેરે.—શરીરના ભાગોમાં સોજા આવે છે.

ત્રીજી લેહેરે.—ડંખની જગ્યા ઉપરનો સોજો ફાટીને પસરે છે, અને પરસેવો ઘણો પેદા થઈને પાણીની તરસ ઘણી લાગે છે

ચોથી લેહેરે.—આખા શરીરમાં દાહ ઉઠે છે, તે પછી સાંધા ઢીલા પડે છે, ઘેન ચડે છે. અને છેલ્લે બેભાન થાય છે.

રાજીલ એટલે કોડીઓ સાપ.

આ સાપના અંગ ઉપર ચિત્ર વિચિત્ર રંગની લીટીઓ હોય છે. તે જ્યાં ડંખ મારે છે, તે જગ્યા ધોળી થાય છે, વળી ડંખવાળી જગ્યા ઉપર સોજો આવીને તે ચિકણી થાય છે, અને ત્યાં લોહી બંધાય છે.

પેહેલી લેહેરે—શરીરનું લોહી સફેદ થઇ જઇને અંગ ફીકકું દેખાય છે.

બીજી લેહેરે.—શરીર ભારી થાય છે.

ત્રીજી લેહેરે— ડંખ પસરે છે, અને નાક, આંખ તથા મોહડામાંથી પાણી છુટે છે.

ચોથી લેહેરે—માથું ચડે છે.

પાંચમી લેહેરે—ડોક (ગરદન) આકડાઇ જાય છે, આખા

શરીરના અવયવ ઢીલા પડી જઈને ટાઢ આવીને
તાવ ભરાઇ આવે છે.

૬ ઠી અને શાતમી. લે.—પેહેલા અથવા ફેણવાળા નાગની
માફક લક્ષણ થાય છે.

આ ઉપર લખેલા ત્રણ પ્રકારના સાપમાંથી કોઈ પણ સાપે ડંખ કર્યો હોય, તો પાંચમી લેહેર સુધી દવા કરવી; પછી કરવી નહીં.

સૂચના.

ફેણવાળા નાગનાં વિષેશ કરીને અસાધ્ય લક્ષણ—

વડના ઝાડ નીચે, મંદીરમાં, મસાણમાં, રાફડા (સાપ, રેહવાની જગ્યા) ઉપર, સવારના પહોરમાં, ખરે બપોરે સંધ્યાકાળે, અને ચકલાની જગ્યા. એવી જગ્યાઓએ અથવા એવે વખતે ડંખ કર્યો હોયતો અસાધ્ય લક્ષણ થાય છે. તેમાં ભરણી, અશ્લેષા, મઘા, મૂળ, કૃતિકા, અને પાંચમની તિથીએ ડંખ કીધો હોયતો તે અસાધ્ય થાયછે. વળી શરીરના સાંધા, તથા મર્મસ્થાન, એ ઠેકાણે જો ડંખ થયો હોયતો તે પણ અસાધ્ય થાયછે; પરંતુ ઉપર કહેલાં નક્ષત્રો, અને જગ્યાઓનો જોગ જો એકજ વખતે થાય તો તે સાધ્ય થઇ શકનાર નહીં.

મંડળી અને રાજીલનાં અસાધ્ય લક્ષણ.

આ ઝેરી સાપોએ કીધેલા ડંખવાળો માણસ, અજીરણવાળો, પિત્તરોગી, સુરજના તાપથી તપેલો, વૃદ્ધ, બાળક, ભુખ્યો, શરીરમાં કૃશ થએલો, વિષ્ફોટક જેવાં ચાંદા પડેલા અંગવાળો, શરીરમાં નબળાઈવાળો, પ્રમેહ થયો હોય એવો, તેમજ ગર્ભવંતિ સ્ત્રી. એટલાંને જો એવા સાપનો ડંખ થાયતો તે સા અગણાય છે.

ઝેરી ડંખની પરીક્ષા.

પેહેલી પારક્ષા—કોઇપણ જનાવરે ડંખ કર્યો હોય, તે દેખ

વામાં આઠચો ન હોય તો ખાવાનું પાન (નાગરવેલનું) હાથમાં ચોળીને ડંખવાળી જગ્ય ઉપર ઘસવું, જો તે ઝેરી ડંખ હશે, તો ત્યા આગળની જગ્યા કાળી થશે.

બીજી—ખેતરમાંની કાળી માટી ખાવામાં લેવી; જો તીખી લાગે તો સાપનો ડંખ છે, ખાટી લાગેતો ચાકલનનો, ને મીઠી લાગેતો ઉંદરનો ડંખ સમજવો.

ત્રીજી—કરમદાંનું તાજું મૂળીયું આશરે અરધો તોલો નવટાંક પાણીમાં ઘસીને પાવું, જો ઝેર હશેતો ઉલટી થશે નહીં, ને ઝેર નહીં હોયતો થશે.

ચોથી—જેને સરપના ડંખનો વ્હેમ હોય; એટલે સરપ કરડયો છે એમ લાગેતો, લાલ સૂકાં મરચાં ખાવાં; જો તીખાં ન લાગેતો સરપનો ડંખ છે, એમ નક્કી જાણવું.

સરપના ડંખ ઉપર અગત્યની સૂચના અને તરતના ઉપાય.

પહેલો.—જે માણસને સરપે ડંખ કીધો હોય, તેના, હોઠ, જીભ, વગેરેમાંના ભાગ ફાટેલા અગર ચિરા પડેલા ન હોય, અથવા કોઈપણ દાંત હલતો ન હોય, તો પોતે અથવા પોતાને કાંઇ હરકત હોય, તો ઉપરના રોગ વિનાના બીજા માણસ પાસે તે ડંખવાળી જગ્યા કેટલીકવાર ચુસાવવી; પણ ધ્યાનમાં રાખવું કે ચૂસત થૂક બીલકુલ ગળવું નહીં. પછી ચૂસનારાએ બ્રાન્ડ અગર કોઈપણ જાતનો જલદ દારૂ, અથવા કોલનવાટર એ ત્રણમાંથી જે હાજર હોય તેના ચાર પાંચ કોગળા કરવા.

બીજો.—કરડેલી જગ્યાની ચાર પાંચ આંગળ દૂરની ઉપરનો ભાગ દોરીથી અગર ગમે તે કપડાંથી ઘણો મજબૂત બાંધી લેવો તે એવી રીતે કે તે દોરી અગર કપડું માંસની અંદર પેશી જાય, વળી તેની ઉપર ચાર પાંચ

આંગળ દૂર બીજીવાર એમ ત્રણ, ચાર ઠેકાણે મજબુત બાંધવાથી ઝેર શરીરના બીજા ભાગમાં ફેલાશે નહીં. પછી ડંખવાળી જગ્યા ઉપરથી અસ્તરા, ચપ્પુ, અથવા તેવાંજ કોઈ બીજાં હથીયાર વડે ખોતરીને લોહી કાઢવું અથવા તેવાજ હથીયારથી કાપ મૂકીને લોહી કાઢવું, એટલે ઝેર લોહીની સાથે બહાર નીકળી જશે. પછી લોઢાના ખીલાનું માથું આગમાં ધગાવીને અથવા બળતો કોયલો બે મીનીટ સુધી ત્યાં દાબી રાખવો, અથવા બંદુકનો દારૂ મળી આવેતો ડંખપર મકીને સળગાવવો.

ત્રીજો.—હાથ અથવા પગનાં આગળાં અથવા અંગુઠાપર ઝેરીસાપે ડંખ કર્યો હોય તો તેટલો ભાગ કાપી નાખવો. આ ઉપાય ઘણો ધાસ્તીભરેલો છે, તથાપિ આવે પ્રસંગે ધીરજ રાખીને જીવનું રક્ષણ કરવું.

ચોથો—જે ઠેકાણે સાપે ડંખ કીધો હોય, તે ડંખપર કુકડાને લઈ તેના ચરકવાની જગ્યા દાબી રાખવી, એટલે તે ઝેર માણસના શરીરમાથી કુકડાના શરીરમા પેસી જઇને કુકડું મરી જશે. આ પરમાણે જયાં સુધી કુકડાં મરી જતાં જાય ત્યાં સુધી કરવું; છેવટે કેટલાંક કુકડાં મરતાં ઉપરની રીતે કુકડાને દબાવતાં તે જીવતું રહે, ત્યારે સમજવું કે ઝેર ઉતરી ગયું. આ ઉપાય શરીર રક્ષણ સારૂ અવશ્ય કરવો જોઇએ.

પાંચમો—વાંજીયા કંટાલાનો લોલો કંદ લાવી સરપે ડંખેલા માણસને આશરે બેથી ત્રણ તોલા સુધી ખવરાવવો, ને એજ કંદ ગાયના મૂતરમાં ઘશીને ડંખ ઉપર લેપ કરવો, એટલે સાપનું ઝેર ઉતરી જશે. આ કંદ કાંઈ દરેક વખતે મળી શકતો નથી માટે ચોમાસામાં ખાતરીદાર માણસ પાસે મંગાવીને તેના ચાર પાંચ તોલાના કકડા કરીને માટીની કુંડીમાં ગાયનું અગર બક-

શીનું મુતર નાખી તેમાં એ કકડા નાખી સુરજના તાપમાં સાત દહાડા સુધી રાખીને પછી તેને સૂકવીને રાખી મુકવું, અને ખપ પડે ત્યારે ઉપયોગ કરવો. એ દવા અનુભવ સિદ્ધ છે.

છઠો—કડવા લીંમડાની લીંબોલીના ઠલીયાનો મગજ, સિંધાલુણ, મરી એ ત્રણે જણસ દરેક અડધો તોલો લઇને ઘી સાથે ચટાડવાથી સાપનું ઝેર ઉતરી જશે.

સાતમો—બીજોરાનાં બીજ તોલો પોણો લઇને તેને ખાંડીને તેની ફાકી મારવી, અથવા એ બીજ એક તોલો લઇ ખાંડીને પાશેર ખખળતા ગરમ પાણીમાં ભીંજવી રાખવું; ટાઢું થયા પછી તે પાણી લુગડામાં ગાળી પાઈ દેવું. એટલે સાપનું ઝેર જડ મૂળથી નીકલી જશે. આ દવા સર્વે ઝેરી જનાવરોના ડંખ ઉપર મોટી ફાયદાકારક માલમ પડી છે.

આઠમો—ડંખ કીધેલી જગ્યાપર "લ્યુનાર કાસ્ટીક." એટલે કાડીખાર એક મીનિટ સુધી ઘસવાથી સાપનુ ઝેર ઉતરી જાય છે, અથવા "લાઇકર અમોનીયા" અથવા નવસાગરના અરકમાં લૂગડાંની ઘડી ભીંજવીને ડંખપર મુકવી. તેથી સાપનું ઝેર ઉતરી જઇને માણસ હુશીઆર થાય છે.

વિંછીના ડંખના ઝેરનાં લક્ષણ.

વિંછીએ ડંખ માર્યો હોય તે જગ્યાપર અગ્નીની જેવો દાહ થઇને આખા શરીરમાં તે વિષ વેદના કરતું ફરી વળીને જરા વારમાં પાછું ડંખવાળી જગ્યાપર આવે છે.

અસાધ્ય લક્ષણ.

ડંખેલા માણસનું કલેજું થડકે છે, જીભ ટુંકી થાય છે, શ્વાસ બંધ થાય છે અને આખા શરીરનું માંસ સાણસીથી ખેં-

ચાતું હોય, એવી વેદના થાય છે. આ લક્ષણથી વિંછીનું ઝેર અસાધ્ય જાણવું.

ઊપાય.

પેહેલો.—ડંખ કીધેલી જગ્યાપર સમુદ્રના પાણીથી પાકેલુ મીઠું આશરે અડધો તોલો ઝીણું વાટીને મુકવું અને તે ઊપર પાટો બાંધવાથી વેદના નરમ પડીને થોડી વાર્‌રમાં ઝેર ઊતરી જશે.

બીજો—ડંખ કીધેલી જગ્યાપર આમલીના સુકા આંમલીચાને ચપટી બાજુથી પથ્થરપર તે બાજુની છાલ ઘસાઈ જઈને તે બાજુ સપેત થાય ત્યાં સુધી ઘસીને, તે ઘસેલી બાજુ ગરમ ગરમ, ડંખ ઉપર અંગુઠાથી ખુબ દાબી રાખી પછી અંગુઠો લઇ લેવો; આમ કીરવાથી જ્યાં સુધી ઝેર હશે ત્યાં સુધી તે ડંખ ઉપર ચોંટી રહેશે અને ઝેર ઊતરી જવાથી, તરત ઉખડી પડશે.

ત્રીજો—કોઇપણ જાતનો પીવાનો જલદ દારૂ પાશેર લઇ, તેમાં ચાર તોલા વાટેલું મીઠું નાખીને તે ઓગળી જાય, ત્યારે લુગડાંની ઘડી વાળીને તેમાં ભીંજવીને ડંખ ઉપર મૂકવી, અને તે ઉપર પેલા દારૂનાં ટીપાં મૂકતા જવું. આમ કરવાથી થોડી વારમાં ઝેર ઉતરી જશે, પણ જો હાથનાં અગર પગનાં આાગળાં ઉપર જો ડંખ માર્યો હોય તો ઉપલી બનાવટમાં તે આંગળાં ભીંજવી રાખવાં. આ ઈલાજ સેહેલો અને ગુણ કારક છે.

ચોથો—રાતા કણેરનાં તાજાં મુળીયાં અને કાળાં મરી એ બેઉને પાણીમાં વાટીને ડંખ કીધેલી જગ્યાપર લેપ કરવો, એટલે વિંછીનું ઝેર તત્કાળ ઉતરી જશે.

પાંચમો—નવસાગર તોલો અડધો, અને હડતાળ તોલો પા (૦।) દહીંમાં વાટીને લેપ કીધાથી, અથવા નવસાગરનો

અર્કે " લાઇકર અમોનિયા " લગાડવાથી, અથવા ઇસેસની કળી, અગર મધપુડાનું મીણ કડછીમાં ગરમ કરીને ડંખેલી જગ્યાપર ગરમ ગરમ ત્રણ ચાર ટીપાં પાડવાથી, અથવા હિંગને આકડાના દુધમાં ઘશીને લેપ કરવાથી વિંછીનું ઝેર તરત ઉતરી જશે.

છઠો—વિંછીએ ડંખ માર્યો હોય તે જગ્યાપર ગ્યાસલેટી (કેરોસીન) નું તેલ નાખીને ચોળવું એટલે ઝેર ઉતરી જશે. પછી ગરમ પાણીથી તે જગ્યા ધોઈ નાખવી, અથવાં કાળી તુળસીનાં પાતરાં ડંખવાળી જગ્યાપર ચોળવ એટલે ઝેર ઉતરી જશે.

ઉંદર.

તેના ડંખના ઝેરનાં અસાધ્ય લક્ષણ.

જેને ઉંદરનું ઝેર ચડયું હોય તેને ઘડી ઘડી મૂર્છા, અંગ ઉપર ઉંદરની જેવો સોજો આવીને અંગ ભીનું હોય એવું દેખાયછે; કાન જરા બેહેરા થાયછે, તાવ આવેછે, મોહોડામાંથી લાળની સાથે લોહી પડેછે, અને આખા શરીર ઉપર જગ્યાએ જગ્યાએ ઉંદરના તરતના જન્મેલા બચ્ચાના આકારના રાતા ગાંઠા થતા દેખાયછે, આમ થાયતો અસાધ્ય લક્ષણ જાણવું. આ ઝેર ઉંદર કરડયા પછી શરીરમાં રહી જાયતો માસ છમાસ પછી ઉપર લખેલાં લક્ષણ થઇ આવે છે.

ડંખનો ઉપાય.

પહેલો—ઉંદર કાણીનાં પાંદડાં તોલો એક કડવી નાઈનો લીલો અગર સુકો કંદ વાલ પાંચ, ઝેરી નાળીએર વાલ પાંચ, સરપંખાના પાંદડાં તોલો એક અને કાળાં મરી તોલો પા (૦।) એ પ્રમાણે લઈને પાશેર પાણીમાં વાટીને તે પાણી લુગડે ગાળીને સવારના પહોરમાં ત્રણ દીવસ સુધી દરરોજ નવું બનાવીને પાવું. એટલે ઝેર ઉતરી જશે.

બીજો—ઝીંઝોટાના ઝાડનાં કુમળાં પાંદડાંનો રસ કાઢીને આશરે બે તોલા લઇને તેમાં ચોખ્ખું મધ એક તોલો મેળવીને સવારના તથા સાંજના બેઉ વખત પાવું એ પ્રમાણે સાત દીન સુધી બન્ને વખતે તાજું બનાવીને પાવું, તથા તે ઉપર સાત દીવસ સુધી ઘી, ભાત, અને તુવરની, અગર મુગની દાળ એટલાં વાનાં ખાવાં. બીજું કાંઇ ખાવું નહીં.

ત્રીજો—ભારંગીનાં મૂળીઆં આશરે તોળા અડધા સુધી લઈને ઘશીને પાશેર પાણીમાં પાવું; એ પ્રમાણે દીવસ ચાર સુધી સવારે તથા સાંજે પીએતો ઉંદરનું ઝેર સઘળું નીકળી જશે. તેમજ એ મુળીયાં પાણીમાં ઘશીને સાત દીવસ શરીરે ચોપડવાં; એ ઓસડ પીવાથી કદાચ કેફ માલમ પડે, તો ગાયનું ચોખ્ખું દુધ નવટાક જેટલા દહાડા સુધી ઓશાડ પીવામાંઆવેછે તેટલા દાહાડા પીવું. તેટલા ડાહાડામોળો ભાત તથા કળથીને ઉંાળેલું પાણીએ સીવાય બીજું કાંઈ ખાવામાં લેવું નહીં.

ચોથો—ડંખ કીધેલી જગ્યાપર બીલાડીનું હાડકું, અથવા દાંત પાણીમાં ઘશીને ત્રણ દહાડા લગાડવાથી ઝેર ઉતરી જશે.

પાંચમો—ચુલા ઉપરનો ધુમાસો, મજીઠ અને સિંધાલુણ એમાં થોડું પાણી નાખીને ડંખવાળી જગ્યા ઉપર લેપ કરવો.

છઠો—ઉંદરની જાતમાં સફેદ રંગની એક જાત થાયછે તેનું ઝેર એટલું જલદ છે કે તે ઉંદર શરીરપર પડયો હોય તો તે જગ્યાપર ગાંઠ બંધાયછે, તે ગાંઠને શસ્ત્રથી ફોડીને તેના ઉપર ગધેડાનાં તાજાં લીંડાં બાંધવાં, અથવા બીલાડીનું હાડકું ઘશીને લગાડવું.

અગત્યની સૂચના.

જે માણસને ઉંદર કરડયો હોય તેણે કેટલાક દહાડા સુધી મીઠું અગર મીઠાવાળી કોઈ પણ ચીજ જેવું કે અથાણું, શાક વગેરે ખાવાં નહીં.

કૂતરાનું ઝેર.

હડકાએલો ઝેરી કૂતરો કરડયો હોયતો તેના ઝેરથી આગળ થતાં અસાધ્ય લક્ષણ.

હડકાએલો કુતરો કરડયાંથી તે ઉપર તુરત યોગ્ય ઉપાયો ન લેવામાં આવે, તો તે ઝેર શરીરમાં પેશીને સપ્ત ધાતુમાં ભરાઈને વરસાદની રાહ જુએછે; એટલે વરસાદ પડવા લાગ્યો, યા વરસાદની ગર્જના થવા લાગી, કે તેનું જોર વધારે થાયછે, અને તે માણસ શીઆળ તથા કુતરાની માફક ભસેછે, ને ખાણું પીવું ઈત્યાદીક સર્વે પ્રકાર તેના જેવા કરવા લાગેછે, એ પ્રમાણે થાયતો લક્ષણ અસાધ્ય જાણવું.

ઉપાય.

પેહેલો—હડકાએલો કુતરો કરડયો હોય તો તેનું ઝેર શરીરમાં ન પેસે, તેટલા સારૂ ઉપાય ઘણી હુશીઆરીથી કરવા પ્રથમ કરડેલો જગ્યા ગરમ પાણીથી ધોઇ નાખીને કાળી રાઈની પોટીસ બાંધવી. થોડો વખત ગયા પછી ફરીથી ગરમ પાણીએ ધોઈ નાખવું, ને તે જગ્યાપર "લ્યુનાર કાસ્ટીક" એટલે કાડીખાર એક મીનીટ સુધી હળવે હળવે ઘસવો. ડંખ સુકાઈ જાયતો નીચે લખેલા જંગાળી મલમની પટ્ટી મારવી.

બીજો—હડકાએલો કુતરો કરડયો હોય, તે જગ્યામાંથી લોહ સારી પેઠે નીકલી જાયતો સારૂં છે, કારણકે તેમ થવાથી લોહી સાથે ઝેર નીસરી જાય છે; જો લોહી ન નીકળે તો તે જગ્યાપર જળો મુકાવીને લોહી કાઢ

નાખવું અથવા અસ્ત્રાથી કાપ મુકીને રૂમડી લગાડી લોહી કાઢવું, ને તે કરડેલી જગ્યાપર ચાળીશ દીન સુધી નીચે લખેલા જંગાળી મલમની પટ્ટીઓ મારવી; પછી રૂઝાવવાનો ઈલાજ કરવો.

જંગાળી મલમ બનાવવાની રીત.

ગાંગડાવાળો જંગાળ તોલો સવા, સફેદ મીણ તોલો એક, ગાયનું ઘી તોલા પાંચ લેવાં. પ્રથમ જંગાળને પથ્થરના ખરળમાં બારીક વાટીને; પછી મીણ અને ઘીને ગરમ કરીને માંહે જંગાળનો ભુકો નાખવો; પછી સર્વેને સારી પેઠે બે કલાક સુધી ઘુંટીને ઉપયોગમાં લેવો.

ત્રીજો—સાબરશીંગાનો વેર તોલા ત્રણ આશરે પાણી બશેરમાં નાખીને સારી પેઠે ઉકાળવો, જ્યારે પાણી અડધો શેર રહે ત્યારે પાઇ દેવું, અથવા શાબરશીંગ ગરમ પાણીમાં ઘશીને પાવું.

ચોથો—"હાઈટી" નામના વિલાયત તરફના ટાપુમાં 'મોરીએરી' નામનો માણસ આશરે પંદર વરસ સુધી કોઈ પણ ઝેરી જનાવરે કરેલા ડંખ ઊપર ફકત થોડો બંદુકનો દારૂ મુકીને સળગાવતો હતો; તેથી તે ડંખની જગ્યા બળી જઈને તે ઝેરનો નાશ તદન થઈ માણસ હુશીઆર થતું હતું. આ ઉપાયથી સેંકડો માણસ સારાં થએલાં છે, વળી આ ઉપાય સેહેલો તથા ખાતરીપુરવક છે માટે સર્વેએ કામે લગાડવો.

પાંચમો—કરડેલી જગ્યાપર સોનું ગરમ કરીને તેનો ડામ દેવો તથા કુકડીની ચરક ઉપર લગાડીને તાંબાનું પતરૂં અગર પૈસો ઉપર બાંધવો, અને કડવાં તુરીયાં તોલો અરધો, સરપંખો તોલો એક, મજીઠ તોલો અરધો અને ઈંદ્રાવણનાં મુળીયાં તોલો અરધો એ સર્વેને ભાખરં કરીને પાણી શેર પોણામાં ઉકાળવું ને શેર પા (ગ

રહે, ત્યારે લુગડે ગાળીને તે સવારે ને સાંજે પીવું, પીતી વખ એક વાલ જુન તેમાં ઘશીને નાંખવો.

ઝેરી દેડકાના ડંખનાં લક્ષણ.

ઝેરી દેડકો કરડયો હોય તો તે ડંખેલી જગ્યાપર પીળા રંગનો સોજો આવે છે ને વેદના થઈને ઉલટી આવે છે, તથા તે ડંખેલા માણસને નિંદ્રા ઘણી આવે છે.

ઊપાય.

પેહેલો—સરસના ઝાડનાં બીજ કંટાળા થોરના દુધમાં ઝીણાં વાટીને તેનો લેપ કરવો, એટલે ઝેર ઊતરી જશે. આ ઝાડ મોટાં થાય છે, ને તેને લાંબી શીંગો આવે છે, તથા તેનાં ફુલ સફેદ થાય છે.

બીજો—કાળો વછનાગ, સાટોડીનાં મુળ, મનસલ, ને સફેદ મરી, એ સર્વ લીંબુના રસમાં ઘશીને ત્રણ દાવરા સુધી ચોપડવાથી ઝેર ઉતરશે.

ત્રીજો—આંબા હલદર, કાળી જીરી, સુંઠ અને પીત પાપડે એ સરવે અરધો અરધો તોલો લઇને અરધા ઘ પાણીમાં ઉકાળવું ને પાશેર રહે ત્યારે લુગડે ગાળ તેને ત્રણ દીવસ સુધી પીવું. પીતી વખતે ચોખ્ખુ મધ અરધો તોલો નાંખવું.

ગીલોડી અથવા ધરોળીના ઝેરનાં લક્ષણ.

ગીલોડીની એક ડંખ કરનારી મોટી જાત છે, તેઆશરે વેંત દોઢવેંત લાંબી થાય છે, તેની આંખ દેડકાની માફક ઊંચી, ગોળ, ને કાળી થાય છે. અને બરડાની કરોડ ઉંચી ને મોટી હોય છે, તથા તેના પુંછડાપર ધોળા લીટા હોય છે અને તેનું આખું શરીર કાળું હોય છે એવી જાતની ગીલોડી કરડે તો તે જગ્યાપર દાહ, સોજો, તથા દુઃખ થઈને પરસે

ઉપાય.

પેહેલો—વાંજીઆ કંટોલાનો કંદ પાણીમાં ઘશીને આંખે શરીરે ચોપડવો તથા તેમાંથી થોડો પાઈ દેવો.

બીજો—સુંઠ, મરી, પીંપર, કરંજનાં બીજ, આંબાહળદર, કૌવચાનાં બીજ, બાવચી અને હળદર, એ સર્વે સમર ભાગે લઈને પાણીમાં વાટવાં, ને ત્રણ દીવસ સુધી શરીરપર ચોપડયા કરવું.

ત્રીજો—મજીઠ, હરડાં, બેડાં, આમળાં, કડુ, હળદર, દારૂ હળદર, ઉપલેટ, ધમાસો અને ઈંદ્રાવણનાં મૂળીયાં એ સર્વે જણસ તોલા બેબે લઈને અધ બોખરૂં કરીને પાણી શેર ત્રણમાં ઉકાળવું ને પાણી શેર એક રહે ત્યારે સીસામાં ભરી રાખવું; પછી તેમાંથી ત્રણ દીવસ સુધી સાંજ સવાર પીને પૂરૂં કરવું. એ પીધાથી ઝેર શરીરમાંથી નીકળી જશે.

કાનખજૂરો.

તેના ઝેરના લક્ષણ.

જે જગ્યાપર એ કરડયો હોય તે જગ્યાપર પસીનો આવીને અગન બળેછે, તથા બહુ વેદના થાય છે.

ઉપાય.

પેહેલો—કંટાળા થોરના દૂધમાં પીપર ઘશીને ચોપડવો.

બીજો—જયાં ડંખ કર્યો હોય, તે જગ્યાપર ગુગલના ધુપનો ધુમાડો આપવો.

ત્રીજો—ડંખેલી જગ્યાપર નવસાગરનો અરક અથવા નવસાગર વાટીને લગાડવો.

છછુંદરના ડંખનાં લક્ષણ.

છછુંદર કરડે તે જગ્યાપર થોડીવાર અગન બળીને તે જગ્યાપર થણકા મારે છે.

ઉપાય.

નેતરની સોટી પાણીમાં ઘશીને ડંખપર લગાડવી અથવા કાળી ખજુરી લીંબુના રસમાં ઘશીને લગાડવી. એટલે દુઃખ નરમ પાડી જશે.

કાકીડા (સરડો).

તેના ઝેરનાં લક્ષણ.

કાકીડાએ ડંખ કરયો હોય તે જગ્યા કાળી ધુમાડા જેવી અથવા જુદા જુદા રંગની થાય છે, અને તે માણસને ઘેન આવીને ઝાડાને રસ્તે ચીંથરા જેવો મેલ પડે છે.

ડંખના ઝેરનાં ઉપાય.

પેહેલો—આકડાનાં મૂળ આશરે તોલો પા (૦।) લઇને પાણીમાં ઘશીને પાવા ને કરડેલી જગ્યાપર સફેદ કણેરનાં મૂળીઆં ચોખાના પાણીમાં ઘશીને લગાડવાં.

ભમરો.

(લક્ષણ મધમાંખમાં જુવો.)

ઉપાય.

ડંખવાળી જગ્યાપર ભેંસનું તાજું માખણ સારી પે

મસલવું અથવા મરી, સુંઠ, સિંધાલુણ અને સંચળ એ સર-
વે સરખે ભાગે નાગરવેલના પાનના રસમાં ઝીણું વાટીને ડં-
ખપર લેપ કરવો એ મુજબ ત્રણ દિવસ કરવાથી ગમે તેવો
ભમરાનો ડંખ સારો થાય છે.

મધમાખી.

તેના ડંખના ઝેરનો ઉપાય.

ડંખવાલી જગ્યામાં તેનો કાંટો ભરાયો હોય તો નખ
ની ચપટીથી ખેંચી કાઢવો જો ન નીકળે તો ગોળ નાની કુંચી
ડંખ ઉપર ઘણી દાબવાથી કાંટો ઉપર આવશે, એટલે તુરત ન
ખથી પકડી કાઢી નાંખવો પછી તે જગ્યાપર "લાઇકર એમો
નીઆ" નવસાગરનો અરક, તરપીટન તેલ, કોલનવાટર, સોલી
ટનું તેલ, બ્રાન્ડી, ગરમ કિધેલો સરકો, પેનકીલર, એટલી
ચીજોમાંથી જે મળી આવે તે લગાડવું, કદાપી ઉપરની જણ
સોમાંથી કોઈ પણ હાજર ન હોય તો, તપખીરને થોડા પાણી
માં મેળવીને ચોપડવી અથવા તમાકુ પાણીમાં વાટીને ચોપડવો

જંગલી માખી મંકોડા, કીડી, અને મોટી લાલ કીડીઓના ડંખનો ઉપાય.

રાફુડાની માટી, હરડે, આમળા એ ત્રણેને ગાયના મૂતર
તરમાં વાટીને ડંખ ઊપર લેપ કરવો.

સોમલ ખાવામાં આવયાથી થતાં લક્ષણો.

કદાપિ કોઇ માણસે સોમલ ખાધો હોય તો તેના પેટમાં
દુખારો થાય, ગળું પકડે, ઘાંટો બેસે, તથા મોઢું સુકાય
દુખારો આંખને પાંપણને સોજા આવીને તે કોરા દેખાય છે,
તથા માથામાં સૂળ મારે છે, ને દાંતના પાશ દુખીને બેચેની
વગેરે લક્ષણ થાય છે.

ઉપાય.

પેહેલો—કદાપિ કોઈ માણસે સોમલ ખાધો હોય તો ઊતાવળ થી ઉલટી થવા સારૂ "ઈપીકાકોઆના" પાઉડર વજન માસા બે લઈને ગરમ પાંણીમાં પાવો અગર તે ન મળે તો મીંઢળને ખાંડીને ઝીણી લોટ જેવી કરીને આશરે અરધો તોલો લઈ ગરમ પાણીમાં ઘશીને પાવાથી ઉલટી થશે, સારીપેઠે ઉલટી થતાં સુધી પાણી પાવું નહીં.

બીજો—રાઈ અથવા મીઠું ઝીણું કરીને ગરમ પાણીમાં મેળવીને પાઈ દેવું, ને ઉલટી આવે તયાં સુધી પાયાજ કરવું.

ત્રીજો—ચાર અથવા પાંચ ઈંડાં કુકડાનાં લઈને તેની સફેદી પાણીમાં મેળવીને પાવી, અથવા જવને ઉકાળીને તે પાણી અથવા દૂધ અથવા ગુંદરનું પાણી ઉકાળીને મોટા જથ્થામાં પાવું.

ચોથો—કોલસાના ભૂકાને પાણીમાં મેળવીને પાઈ દેવો, અથવા મીઠા તેલમાં ચૂનાનું પાણી ભેળીને તે, અથવા બેરના કાથાનો ભૂકો આશરે ત્રણ તોલા પાણીમાં ભેળવીને એક કલાકમાં બે ત્રણ વખત પાવું એટલે ઝેર ઉતરી જશે.

પાંચમો—લીલા વાંસનો રસ આશરે બે તોલા પાઈ દેવો. અથવા ચોળાની ભાજી (તાંદળજાની ભાજી) નો રસ કાઢીને પાઈ દેવો, અથવા જદ્વાર પાણીમાં ઘશીને પાઈ દેવો. (જદ્વાર એટલે નિરવશીનો કંદ, આ કંદ અતિ વિષની કળી જેવો થાય છે.) એ ઉપાયથી સોમલનું ઝેર ઉતરી જશે.

અફીણ.

ઝેરનાં લક્ષણ.

અફીણ ખાધા પછી (૦।) પા કલાકની અંદર ઝેરની સર જણાય છે, તેથી આખું શરીર ફરે છે, તથા ઉંઘનું ઘેન આવીને આખરે બેશુદ્ધી આવે છે, જેમ જેમ ઝેર ચડતું જાય છે, તેમ તેમ દમ લેવાની અને નાડીની ગતિ ધીમી પડે છે, તથા તે માણસનો ચેહેરો કાળો લીલો દેખાય છે.

ઉપાય.

જેવું માલમ પડે કે તુરત રાઈની ભૂકી તોલો એક ગરમ પાણીમાં ભેળીને પાઇ દેવી, ને ગળામાં આંગળાંથી અથવા પીંછાં વડે ગળી કરીને સારી પેઠે ઉલટી લાવવી. ઝેર બહાર નીકળાયા પછી પાણી આપવું નહીં, કારણ કે અફીણનો ભુકો પેટમાં રહી ગયાથી તે પીગળી જાય, પછી સારી સખત કસદાર કાફી ખૂબ ઉકાળીને પાઇ દેવી.

બીજો.

અફીણ ખાધેલા માણસને કદી પણ બેભાન પડયો રહેવા કે ઉંઘવા દેવો નહી; પણ તેને ઓરડામાં ચલાવ્યા કે દોડાવ્યા કરવો; ન દોડાય તો બે માણસોએ બાજુમાંથી પકડીને દોડાવવો, ને ખૂબ પરસેવો છુટે તેમ કરવું, ને તેના મોહાપર થંડા પાણીનાં ઝપાટા મારવા; એટલે ઉંઘ આવશે નહીં; જો ઝેરી માણસ થંડો પડે અને નબળાઈ આવે, તો થોડો બ્રાન્ડી યા પોર્ટ વાઈન થોડા પાણીમાં મેળવીને પાવો.

ત્રીજો.

મોટા માણસને એક શેર છાશમાં અરધો તોલો ચોખી હીંગ ઘશીને પાવી, એટલે અફીણનું ઝેર ઉલટી વાટે તદન નિકળી જશે. એ ઇલાજ ઘણો સારો સેહેજ તથા ફાયદા કારક છે.

ધતૂરો

ઝેરનાં લક્ષણ.

એ ઝેર પેટમાં ગયા પછી માથામાં ચક્કર આવતું હોય એવું ભાસેછે, કાનમાં સંભળાતું નથી, ઘાંટો સુકકો પડી જાય છે, ને તે માણસ સાચા, અગર ખાલી ભાસનારા પદાર્થને પકડવાને યત્ન કરેછે, મોટી ચપળાઇથી બોલવા જતાં વચમાં કોઇ બોલમાં અટકી જાયછે, ને તેના મોઢામાં ફીણ આવેછે.

ઉપાય.

પેહેલો—આ ઝેર વાળાને અફીણમાં બતાવ્યાછે તેવા ઉલટી કરાવવાના ઉપાય કરાવવા. તેના માથા ઉપર, તથા વાંસાના બરડા ઉપર ઠંડું પાણી રેડવું; ઉલટી થઈને બંધ પડી ગઇ એટલે એક રૂપીઆભાર ચોખું એરંડીયું તેલ ગરમ પાણીમાં પાઇ દેવું, એટલે ખુલાસે પેટ આવીને હુશીઆરી આવશે.

બીજો—ધતુરો ખાધેલાં માણસને રીંગણું છુંદીને તેનો રસ તોલા ચાર પાવો, અથવા કપાસીયાના તેનાં ફુલમાં પાણી નાખીને સારી પેઠે ઉકાળવાં પછી તે દેવાં.

ત્રીજો—ગાયનું દૂધ, સાકર ને ઘી, એ બધું એકઠું મેળવીને પાઈ દેવું.

વછનાગ.

ઝેરનું લક્ષણ.

વછનાગ ખાધામાં આવ્યો હોય, તો તે માણસના ગળામાં અને છાતીમાં અગન થઇને મોહું સુકાઈ જાય છે, તથા પેટમાં સખત દુખાવો થાય છે અને તરસ ઘણી લાગે છે ને આખા શરીરની નસો ખેંચાવા લાગીને, કોઇ વખત નાક, મો, કે ઝાડા વાટે લોહી પડવા લાગેછે.

ઉપાય.

પહેલો—ગાયનું દૂધ ગરમ કરીને સારી પેઠે પાવું, ઉલટી થાય, તો ફરીથી પાવું, એ રીતે જ્યાં સુધી ઉલટી બંધ થાય, ત્યાં સુધી પાયા કરવું ને આખો દહાડો દૂધ સિવાય બીજું કશું આપવું નહીં.

બીજો—જંગલી તાંદળજાની ભાજીનો રસ આશરે ત્રણ તોલા સુધી દરરોજ પાવો; એ પ્રમાણે ત્રણચાર દિવસ સુધી પાવાથી વછનાગના ઝેરની અસર નિકળી જશે. એ ભાજીના રોપા ભાંગરાના જેવા થાયછે.

ત્રીજો—જાંબુના ઝાડની અંતર છાલનો રસ નવટાંક કાઢીને તેમાં તેટલુંજ ભાતનું ઓસામણ મેળવીને પાવું.

ઝેર કોચરાના ઝેરનું લક્ષણ.

જેના ખાધામાં ઝેર કોચરૂં આવે, તેના શરીરમાં ઝેરનો નસેનસમાં પ્રવેશ થઇને લોહી સાથે મળયાથી મગજ ઉપર અસર થાયછે; તેથી અર્ધાંગ વાયુ જેવાં લક્ષણ થઈને શ્વાસોશ્વાસ બંધ થતો જતાં છેવટે મોતની નિશાની નજરે પડેછે.

ઉપાય.

પહેલો—આ ખાધા પછી ઘણો વખત ન થયો હોય, અને ઉલટી ન થઈ હોય તો તેને ઉલટી કરાવવા સારૂ "ટાર્ટર ઈમેટીક" બે અથવા ત્રણ ઘઉંભાર "ઇપીકા કયૂના" પંદરથી વીશ ઘઉંભાર એ બેઉને પાંચ તોલા પાણીમાં મેળવીને તે પાવું ને ઉલટી કરાવવા સારૂ ગળામાં આંગળાં નાખીને તે કરાવવી.

કદાચ ખાધા પછી ઘણો વખત વીતી ગયો હોય, તો ઉલટીની દવા સાથે " ઈપસમ સૉલ્ટ " (જુલાબનું મીઠું) ત્રણ તોલા સુધી મેળવીને પાવું અથવા જુલાબનું મીઠું એકલુંજ એજ વજનમાં છ તોલા પાણીમાં મેળવીને ઝાડા કરવાની જ-

ગ્યામાં પીચકારી મારવી, એટલે ઉલટી તથા ઝાડો થઇને ઝેર નિકળી જશે.

ભેલામો.

ઝેરનું લક્ષણ.

જે માણસને ભેલામો ઉડી આવ્યો હોય તો તે જગ્યાપર રાતો સોજો આવીને તે પાકેછે, તથા તેમાં પરૂ થાયછે. તેનો ઉપાય તરત કરવામાં ન આવે, તો તે ભાગનું માંસ જલદીથી દુર્ગંધી સાથે સડીને ગળવા લાગેછે, ને ઘણા દહાડા સુધી દુઃખ ભોગવવું પડેછે.

ઉપાય.

પહેલો—કોપરૂં બાળીને તે કોપરેલ તેલમાં મેળવીને લગાડવું, અથવા બકરીના દૂધમાં જરા આમલી નાખીને તે દહીના રૂપમાં આવતું જાય તેમ લગાડતા જવું, એ દુધ ને ચીનાઈ વાસણમાં અથવા કાચલીમાં રાખવું; ના વાસણમાં રાખવું નહીં.

બીજો—કુવાડીયાના પાંદડાંનો રસ અગર તે ન મળે, તો તેનાં બીજ પાણીમાં વાટીને લગાડતા જવ થી ઝેરની અસર નિકળી જઇને તે જગ્યાપર રૂઝ આવશે.

માજુમ, ભાંગ, સમુદર સોકનાં બીજ, પપેટા, અને ખુરાસાની અજમાના

ઝેરના લક્ષણ.

કોઇ માણસને ઉપર લખેલીમાંથી કોઈપણ જણસ ખાધામાં આવે, તો કેફની લેહેરો આવીને તેને એવું ભાસે છે, કે કોઈ માણસ તેને આકાસ પર ચડાવીને જાણે જમીનપર ફેંકી દે છે, એવી બેહેલી અગર સૂતેલી સ્થિતીમાં તેને ભાસવાથી તે અકસ્માત ચમકીને, કોઈ ચીજને પકડવા જા

ય છે. ઘડીકમાં બેભાન, ને ઘડીકમાં વગર મતલબનું બકવા લાગીને મોટેથી હસવું, રડવું, મુંગું રેહેવું. એવાં એવાં લક્ષણ જણાય છે.

ઉપાય.

કોઈ માણસ ભૂલમાં અગર જાણી જોઈને ખાયતો તેને તરત અડધા શેર દહીંમાં દોઢ તોલો સુંઠનો ભુકો નાંખીને થોડું થોડું અરધા કલાકમાં પાઈ દેવાથી થોડા વખતમાં હુશીઆર થશે.

તમાકુ ખાધાથી અગર પીધાથી થતા કેફના ઉપાય.

આશરે ત્રણ તોલા ગોળ લઇને તે પાશેર પાણીમાં મેળવીને પાઇ દીધાથી તરત હુશીઆર થશે.

દારૂના કેફનો ઊતાર.

તમાકુનાં ઉતારની માફક કરવાથી તરત હુશીઆર થશે.

હડતાલના ઝેરના લક્ષણ.

અશુદ્ધ હડતાલ ખાધામાં આવ્યાથી શરીરમાં કંપવાયુના લક્ષણ તાવ, અંગનુ અકડાઇ જવું, શરીરમાં આગનું બળવું, તથા શરીરની ધાતુને ફાડીને સખત પરમો થવો વગરે લક્ષણો થાયછે.

ઉપાય.

પેહેલો—ભૂરા કોરાનો રસ દરરોજ આશરે બે તોલા ચાર દીન સુધી પાવાથી અથવા જીરૂં તોલો અરધો, ને સાકર તોલો એક એ બન્ને મેળવીને સાત દીન સુધી ખાધાથી ઝેર ઉતરી જશે.

બીજો—ધુવાસો, રાજહંસ ને કરીઆતું, એ ત્રણેનો ઉકાળો કરીને સાત દીન સુધી સાંજ સવાર પીવાથી એ ઝેરથી શરીરમાં થતો દાહ શાંત થશે.

ત્રીજો—સફેદ ગોકરણનાં પાંદડાંનો રસ સાત દહાડા સુધી હર-
રોજ એક તોલો પાવાથી ઝેરની અસર નીકળી જશે.

સૂચના.

હડતાલ ખાધેલા માણસને ચાલીશ દહાડા સુધી ઘી ત
થા ઘઉંની રોટલી ખાવા આપવી.

મનશલના ઝેરનું લક્ષણ.

ગફલતથી અથવા જાણી જોઈને અશુદ્ધ મનસલ ખા
ધામાં આવે તો, તે માણસ શક્તિરહિન થાય છે. તથા તેનું પે
ટ કબજ રહીને ઝાડો બંદ થાય છે, ને તે માણસને ઘણું ક
રીને મુત્ર રોગ, જેવું કે મુત્ર માર્ગે થોડો થોડો ટીપાં ટીપાં મુત્ર
છુટે છે ને મુત્રની સાથે રેતીના જેવાં ઝીણા દાણા પડે છે તથા
પેટમાં કરમ થાય છે.

મનશલના ઝેરનો ઉપાય.

ગાઈનુ દુધ અરધો શેર તથા ચોખું મધ ૧ તોલો મેળવીને
દરરોજ પાઉં. એ પરમાણે ૧૦ દાહાડા સુધી પીધું તો મનશલ
નો વીકાર નાંશ પામે છે.

મુરદાડશીંગ એટલે બોદારશીંગના ઝેરનું લક્ષણ.

એ પીળે વરણે અથવા લોહીના વરણના જેવી છે એની પો-
પરીઓ કાંચના જેવી દેખાય છે. એને સ્વાદ અને વાસ નથી. એ
ઓસડને સારૂં બાહેરનો ઉપાય કરે છે પેટમાં આપતા નથી. એ
બોદારશીંગ પેટમાં જાય તો પેટમાં અતી કઠણ ચુક આવીને
સખત દુખારો થાય છે તથા પેટમાં ઘણી ગાંઠો વળે છે. પેટ
પાછલી બાજુએ ખેંચાય છે ને ખાંચ પડે છે, પેટ લાકડા જે
વું થાય છે ને ઝાડાનો માર્ગ એવો ખેંચાય છે કે તેમાં પચુક

ડીએ ઓસડ છોડવામાં આવતું નથી, ઉંઘ આવતી નથી. ભુખ કંઇ પણ લાગતી નથી, ચટાપટી ઘણી થાય છે, મોહોડું લોહી વગરનું પીળું દેખાય છે, ઓડકાર ઘણા આવે છે, ખડખડાટ ઠંડા પશીનાનું નીકલવું, ઈત્યાદીક કઠણ લક્ષણો થઈને મોત આવે છે.

મુરદાડશીંગના ઝેરનો ઉપાય.

એ ઝેરનું મોહોડું વજણ પેટમાં જઈને ભયંકર લક્ષણો થતા હોય તો જુલાબનું મીઠું "ઈપસમસાલ્ટ" આસરે આઠ તોલા સુધી લઈને બે બાટલી પાણીમાં નાંખીને. જેટલું જાય તેટલું આપવું ઉલટી થયા પછી ફરીથી થવા સારૂં એ ઝીવણ અરધી અથવા એક પઇન્ટ અરધા કલાકની અંદર ત્રણ ચાર વખત આપવું. કદાચ વખતસર જુલાબનું મીઠું નહી મળી આવે તો સોનામખીના પાંતરા ૨ તોલા, ગરમીળાનો ગર ૨ તોલા, મીંઢલનો ખાંડેલો ભુકો ાા તોલો એ સર્વેને એક બાટલી પાણીમાં અરધો કલાક ઉકાળીને તે પાણી ગાળીને પીવાને આપવું એટલે ઝાડો તથા ઉલટી થઇને ઝેરનો અંશ નીકળી જશે. પછી ગાઇના દુધમાં સાકર નાંખીને પાવું અથવા દાડમનો રસ પાંચ છ દહાડા સુધી પાવો એટલે મુરદાડશીંગના ઝેરનો નાશ થઈને માણસ હુશીયાર થાય છે.

મોરથુથાના ઝેરનું લક્ષણ.

એના કકડા શારા આશમાની વરણના છે એનો સ્વાદ જલદ, તુરો, જેવો છે. એ ઝેર પેટમાં ગયા પછી મોહડું જલદ તુરૂં કાટના સવાદે કરીને ભરેલું થાય છે, જીભ સુકાઈને દાંત પડી જાય છે. ગલું ખેંચાયલા જેવું થાય છે અને કાટના સવાદ જેવા ઓડકાર આવે છે, હમેશા લાળ વેહે છે, ઉછાળો અને ઉલટી ઘણી થાય છે. મોડું કંઠ એમને શોષ પડ છે. પેટમાં ઘણી કઠણ ચુંક અને પ્રાણ નાશ કરનાર એવો મરડો થાય છે.

લોહી મેલેલા કાલા વર્ણનો ઝાડો થાય છે સફરાની જગ્યા ઘણી દુખે છે તથા મેલ બંધાય છે. પેટ ફુગીને દુખારા સાથ ગડ બડે છે નાડી ઘણી જલદી ચાલીને બાલ જેવી હાથે લાગે છે. એશુધી આવે છે. શીપીમાં દુઃખ થઈને એંચાય છે. ફેર આ વીને માંથું સખત દુખે છે તથા હાથ પગ નીપલાય છે, ટંટા દુખે છે ઈત્યાદી લક્ષણો હળવે હુળવે જણાઈને આખરે મોતની નીશાની માલમ પડે છે.

મોરથુથાના ઝેરનો ઉપાય.

એ ઝેર પેટમાં ગયું હોયતો પેહલાથીજ પાંચ અ થવા સાત તોલા સાકર અમથીજ ખાવાને આપવીમા છી અરધા શેર પાણી સાથે મેળવીને તેને અરધે અરધા કલાકે પાંચ છ વખત પાઇને પેટ ભરાઈ ગયું એટલે સેહેજથી ઊલટી થશે. પછી આગળના જેવી ફરીથી સાકર આ પીને, પછી સાકરનું મેળવણ આપીને ફરીથી ઊલટી કરાવવી તથા તે સાકરનું મેળવણ પચુકડીયે ઝાડાના માર્ગમાં પણ નામવા એ ઊપાય આરામ થાય ત્યાં સુધી કરવા. એ ઊપાય આ પછી ઊલટી થઈ નહીતો ગળામાં આંગળાઓ અથવા બીજી કાંઈ ચીજ ઘાલીને ઘણી ઊલટી કરાવવી તેણે કરીને એ ઝેરનો ઘણો અંશ નીકલી જશે.

સમાપ્ત.

સાકલ્લીયું.

જાહેર ખબર.